GJVD040040582022

सत्यमेव जयते

| | | |
|---|---|---|
| દાખલ કર્યા તારીખ | | ૨૩.૧૧.૨૦૨૩ |
| રજી.કર્યા તારીખ | | ૨૩.૧૧.૨૦૨૩ |
| ફેંસલ કર્યા તારીખ | | ૦૧.૦૪.૨૦૨૬ |
| સમયગાળો | | વર્ષ માસ દિવસ |

---

## એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ, મુ.પાદરા, જિ.વડોદરા.

---

**ફોજદારી કેસ નં.૩૪૬૪/૨૦૨૨**
**આંકઃ–**

| | |
|---|---|
| **ફરિયાદીઃ–** | **શ્રી સરકાર**<br>**(પાદરા પો.સ્ટે."એ" ગુ.ર.નં.૧૧૧૯૭૦૩૪૨૨૧૪૫૩)** |
| **વિરૂધ્ધ** | |
| **આરોપીઃ–** | **ખોડાભાઈ કેસરીસિંહ પઢીયાર**<br>ઉ.વ: ૩૯, ધંધો: ખેતી<br>રહે.હૈનાપુરા, એકલબારા,તા.પાદરા, જિ.વડોદરા |
| **ગુન્હોઃ–** ઈ.પી.કો.કલમ– ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબ. | |
| ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી બી.એચ.શ્રીમાળી<br>આરોપી તરફે વિ.વ.શ્રી એસ.આર.રાવલ | |

**–:: ઠરાવ ::–**

(૧) બનાવની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૦૯/૨૦૨૨ ના કલાક ૧૭/૩૦ વાગે મોજે એકલબારા ગામની સીમમા આવેલ હૈનાપુરા વિસ્તારમાં આ કામના ફરિયાદી મહંમદપુરા ગામેથી કડીયા કામ કરી પોતાના ઘરે આવેલ તે વખતે ફરિયાદીના ઘરેથી ભેંસ છુટી જઈ આરોપીના ખેતરમાં જતા આ કામના આરોપી ફરિયાદીને સંભળાવવા માટે ખરાબ ખરાબ ગાળો બોલાતા હોય જેથી આ કામના ફરિયાદી આરોપીના ઘરે તેને સમજાવવા જતા ફરિયાદીને તથા તેની પત્નીને ગાળો બોલી તેના હાથમાંની લાકડી વડે ફરિયાદીને કપાળની ડાબી બાજુ તથા ફરિયાદીની પત્નીને જમણા હાથે લાકડીની ઝાપટ મારી સાધારણ ઈજા પહોંચાડી તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી પકડાઈ જઈ ગુનો કરતાં, તે અંગેની ફરિયાદ આ કામના ફરિયાદીએ પાદરા પો.સ્ટેશને આપતાં,

તપાસના અંતે આ કામના આરોપી વિરુધ્ધ ઇ.પી.કો.કલમ–૩૨૩, ૨૯૪ (ખ), ૫૦૬(૨) મુજબના ગુના સબબનું ચાર્જશીટ પાદરા પો.સ્ટે."એ"ગુ.ર.નં.૧૧૧૯૭૦૩૪૨૨૧૫૧૪/૨૦૨૨ થી અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) સદર કામે આરોપીને ધોરણસરના સમન્સની બજવણી કરતા આ કામના આરોપી અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેતા તેઓને સી.આર.પી.સી.કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે અદા કરી, આરોપી સામે આંક–૦૪ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આરોપીની આંક–૦૫ લગતની પ્લી નોંધવામાં આવતાં તેમણે તેમની સામેના ગુનાનો ઇન્કાર કરતા સદર કામે ફરિયાદપક્ષના કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**<u>ફરિયાદપક્ષનો મૌખિક પુરાવોઃ</u>–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદી નટવરસિંહ પ્રભાતસિંહ પઢીયારની જુબાની | **આંક–૨૫** |
| ૨. | સાહેદ જોશનાબેન નટવરસિંહ પઢીયારની જુબાની | **આંક–૨૭** |

**<u>ફરિયાદપક્ષનો દસ્તાવેજી પુરાવોઃ</u>–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ | **આંક–૨૬** |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | **આંક–૨૮** |
| ૩. | શરીર સ્થિતિનું પંચનામું | **આંક–૨૯** |
| ૪. | ક્રોસ રેડ હોસ્પિટલ દ્વારા બનાવની જાણ કરતો પત્ર | **આંક–૩૦** |
| ૫. | મેડિકલ સર્ટિફિકેટ | **આંક–૩૨** |
| ૬. | મેડિકલ સર્ટિફિકેટ | **આંક–૩૩** |

(૪) આ સિવાય ફરિયાદપક્ષ તરફે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી. સદર કામે ફરિયાદપક્ષ તરફે રજુ પુરાવાના આધારે આરોપીનું ક્રિ.પ્રો.કોડ ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ

નિવેદન નોંધવામાં આવતા તેઓ તદ્દન નિર્દોષ હોવાનું તથા તેમની ઉપર ખોટી ફરિયાદ કરેલ હોવાનું જણાવે છે.

(૫) ઉપરોકત હકીકતે આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**ઃ મુ દ્દા ઓ ઃ**

**મુદ્દા નં.૧** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૦૯/૨૦૨૨ ના કલાક ૧૭/૩૦ વાગે મોજે એકલબારા ગામની સીમમા આવેલ હૈનાપુરા વિસ્તારમાં આ કામના ફરિયાદી મહંમદપુરા ગામેથી કડીયા કામ કરી પોતાના ઘરે આવેલ તે વખતે ફરિયાદીના ઘરેથી ભેંસ છુટી જઇ આરોપીના ખેતરમાં જતા આ કામના આરોપી ફરિયાદીને સંભળાવવા માટે ખરાબ ખરાબ ગાળો બોલાતા હોય જેથી આ કામના ફરિયાદી આરોપીના ઘરે તેને સમજાવવા જતા ફરિયાદીને તથા તેની પત્નીને ગાળો બોલી તેના હાથમાંની લાકડી વડે ફરિયાદીને કપાળની ડાબી બાજુ તથા ફરિયાદીની પત્નીને જમણા હાથે લાકડીની ઝાપટ મારી સાધારણ ઈજા પહોંચાડી તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી પકડાઇ જઈ, ઇ.પી.કો.કલમ-૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબનો ગુનો કરેલ છે ?

**મુદ્દા નં. ૨** શું હુકમ ?

( ૬ ) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧** નકારમાં,

**મુદ્દા નં. ૨** આખરી હુકમ મુજબ.

**મુદ્દા નં.૧ અન્વયેના મારા કારણોઃ**

(૭) ફરિયાદપક્ષે મુળ ફરિયાદી નટવરસિહ પ્રભાતસિંહ પઢીયાર ને આંક-૨૫ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદનો મૌખિક પુરાવો વંચાણે લેતાં તેઓએ તેમની સરતપાસ દરમ્યાન જણાવેલ છે કે, બનાવ વર્ષ

૨૦૨૨ માં બનેલ હતો. બનાવના દીવસે હું કડીયાકામ કરી સાંજના સમયે મારા ઘરે આવેલ ત્યારે મારી ભેંસ છુટીને ખોડાભાઇ પઢીયારના ખેતરી જતી રહેલ હોય અને તેથી તેને લઇને ખોડાભાઇ મને જોઇને બોલવા લાગેલા જેથી હું તેમની પાસે ગયેલો અને કહેલ કે હું ઘરે નહોતો અને ભેંસ છુટી ને જતી રહેલ અને ફરી આવુ નહી ત્યારે મારી તથા ખોડાભાઇ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી. બોલાચાલી થતાં મારી પત્ની તથા આજુબાજુના માણસો ભેગા થયેલા અને તે દરમ્યાન મને તથા મારી પત્નીને પડી જવાથી સામાન્ય ઈજા થયેલી. મને તથા મારી પત્નીને બનાવ વખતે કોઇ હથીયાર વડે માર મારેલ નથી કે બીભત્સ ગાળા ગાળી કરેલી નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. પરંતુ આવેશમાં આવી જઇ આરોપીઓ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ આપેલી જે ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવી આંક-૨૬ થી રજુ રાખેલ છે. સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા નહી હોવાથી વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી હોસ્ટાઇલ સાહેદ જાહેર કરવામાં આવેલ અને ત્યારબાદ લીડીંગ કવેશ્ચનો પુછી વિસ્તૃત તપાસ કરવામાં આવેલ હોવા છતાં ફરિયાદપક્ષને સમર્થન આપેલ નથી. બીજી તરફ બચાવપક્ષે થયેલી ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, બનાવ સમયે સામાન્ય બોલાચાલી થયેલ. આરોપીઓના હથામાં કોઇ હથીયાર નહતુ અને તેમને કોઇએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. આમ, મુળ ફરિયાદી ફરિયાદ હકીકતોને સમર્થન કરતા નથી.

(૮) ફરિયાદપક્ષ તરફથી આંક-૨૭ થી સાહેદ જોશનાબેન નટવરસિંહ પઢીયારને તપાસવામાં આવેલ છે. પરંતુ તેઓની સરતપાસ વંચાણે લેતાં તેઓએ પણ પોતાના પોલીસ સમક્ષના નિવેદનોને સમર્થન આપેલ નહી હોવાથી વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિંનંતીથી હોસ્ટાઇલ સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ પણ સદર સાહેદએ પોતાના પોલીસ સમક્ષના નિવેદનોને સમર્થન કરતો પુરાવો આપેલ નથી.

(૯) આમ, મુળ ફરિયાદી અને સાહેદએ તેમના કેસને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી. આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાચેલ ગુનાના તત્વો સાબિત

થતા નથી. આથી, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**આખરી હુકમ**

(૧) આરોપીઓને ક્રિમિનલ પ્રોસિઝર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૪૮ (૧) હેઠળ આઇ.પી.સી. કલમ – ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબના ગુનામાં પુરાવાના અભાવે શંકાનો લાભ આપી મુકત કરવામાં આવે છે.

(૨) ટ્રાયલ સમય માટે રજુ રાખવામાં આવેલ આરોપીઓના જામીન અને જાત મુચરકાઓ આથી રદ્દ કરવામાં આવે છે.

(૩) આરોપીઓએ ક્રિમિનલ પ્રોસિઝર કોડ, ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) મુજબ રજુ કરેલ જામીન અને જાતમુચરકા આજથી છ મહીના સુધી અમલમાં રહેશે.

હુકમ આજરોજ તા.પહેલી માહે એપ્રિલ બે હજાર છવ્વીસના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**HARDIK P. RAVAL**
**ADDITIONAL CHIEF JUDICIAL MAGISTRATE**
**PADRA, DIST. VADODARA**

**GJ01220**

**Place: Padra**
**Date: 01.04.2026**